ફરજિયાત શિક્ષણના કાયદાનો ગુજરાતમાં અમલ કરાતો નથી

કોંગ્રેસ દ્વારા વિચરતી વિમુક્ત જાતિના કાર્યકરોનું સંમેલન યોજાયું

ભાજપની સરકાર સામે પ્રહારો કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૧

પ્રદેશ કોંગ્રેસ વિચરતી-વિમુક્ત જાતિ સેલ દ્વારા આયોજીત કાર્યકર જાગૃતિ સંમેલનને સંબોધતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, વિચરતી-વિમુક્ત જાતિના પ્રશ્નોને જાણવા અને તેના નિરાકરણ માટે પ્રદેશ સમિતિમાં પ્રથમવાર જ આ જાતિના સેલની રચના કરવામાં આવેલ છે. શ્રીમતી સોનિયા ગાંધી અને કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા આ જાતિઓના પ્રશ્નોના અભ્યાસ અને તેના કલ્યાણ માટે રણકે કમિશનની રચના કરેલ છે. આ કમીટી દ્વારા દેશનો પ્રવાસ કરી તેનો અહેવાલ ભારત સરકારને રજુ કરેલ છે. જેની ભલામણો અંગે થોડા સમયમાં જ સરકાર નિર્ણય લેવાની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અંગ્રેજ સરકાર દ્વારા આ જાતિઓને ગુનેગાર જાતિઓ તરીકે ગણવામાં આવી હતી અને જ્યાં જ્યાં તેઓ જાય ત્યાં પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવાની ફરજ પાડી માનસિક યાતનાઓ આપવામાં આવતી જેને કોંગ્રેસ સરકારના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂજીએ તેમને મુક્ત જાતિ તરીકે જાહેર કરી. અને તેઓના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરી, શિષ્યવૃત્તિની સગવડ અને મફત શિક્ષણની સુવિધા આપી પરંતુ આજની આ સરકામાં પાંચથી ૫૦ લાખ રૂપિયાજેટલી ફી ભરતો જ ડૉક્ટર કે ઈજનેર બની શકાય તેવી ફી આ જાતિના ગરીબ લોકો ક્યાંથી ભણી શકશે ? કેન્દ્ર સરકારે ગરીબ કુંટુંબના બાળકો પણ શ્રેષ્ઠ શાળાઓમાં મફત અને ઉચ્ચ ગુણવત્તાવાળુ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો પસાર કરેલ છે. પરંતુ ગુજરાતની ભાજપની ગરીબ વિરોધી સરકાર ગરીબ બાળકોને આવું શિક્ષણ પ્રાપ્ત ન થાય તે માટે આ કાયદાનો યોગ્ય અમલ કરતી નથી.

ડિપ્લોમા પ્રવેશ પ્રક્રિયામાં ત્રીજી વખત થયેલો વિલંબ

અમદાવાદ, તા.૧

રાજયમાં ડિપ્લોમાં અભ્યાસક્રમની પ્રવેશ કાર્યવાહીમાં ત્રીજી વાર વિલંબ સર્જાયો છે. જેના પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

એડમિશન કમિટીએ ફરી એકવાર રજીસ્ટ્રેશન માટેની મુદત વધારી છે અને નવા રજીસ્ટ્રેશન માટેની કાર્યવાહી શરૂ કરી છે. ડિપ્લોમાં એડમિશનની કાર્યવાહી શરૂ થયા બાદ પ્રથમ રાઉન્ડના અંતે એડમિશન કમિટીએ બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે મુદત વધારવાનો નિર્ણય લીધો હતો. આ વખતે જે વિદ્યાર્થીઓ બાકી રહી ગયા હતા તેમને પ્રવેશ માટે રજીસ્ટ્રેશનનીતક આપી હતી.

દરમિયાન આ મુદત પુર્ણ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રજુઆત કરવા આવ્યા હતા. જેના પગલે એડમિશન કમિટીએ ત્રીજી વાર પ્રવેશ કાર્યવાહી અટકાવી રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહી હવે તા.૫ જુલાઈ સુધી ચાલનારી હોઈ પ્રવેશ કાર્યવાહી પર અસર પડશે.

આવ રે વરસાદ ! હવે તો આવ !

અમદાવાદ, તા. ૧

ચોમાસું બેસી ગયું છે ને વરસાદ આવતો નથી એ વાતની હવે સૌને ખાતરી થઈ ગઈ છે ને એટલે જ ચિંતાના માર્યા અનેક લોકો પર્જન્ય યજ્ઞનો આરંભ કરી રહ્યા છે. વરસાદ ખેંચાઈ જતા વરૂણ દેવતાને મનાવવા માટે પ્રાર્થનાઓ શરૂ થઈ ગઈ છે. એ કારણે આવાં દ્રશ્યોની પણ હવે નવાઈ નથી રહી. અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત અનેક મહાનગરો, ગામોમાં હવે આવાં અનેકવિધ યજ્ઞો, પૂજા કરવામાં આવી રહ્યાં છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ CAની ICAI, અમદાવાદ બ્રાન્ચની સ્વર્ણિમ જયંતિ ઉજવણીનું ઉદ્‌ઘાટન

અર્થતંત્રમાં પારદર્શિતા માટેની રાષ્ટ્રહિતની ભૂમિકા નિભાવવાની ક્ષમતા દાખવવા આહ્‌વાન આપતા મુખ્ય મંત્રી

અમદાવાદ, તા.૧

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની અમદાવાદ શાખાની સ્વર્ણિમ જયંતિ ઉજવણીનું ઉદ્‌ઘાટન કરતાં ઇન્ની સંસ્થામાં કાળા નાણાં અને ભ્રષ્ટાચારને રોકવા માટેની પુરી ક્ષમતા છે અને રાષ્ટ્રહિતના સર્વોચ્ચ દાયિત્વને નિભાવવા તેમણે ઇન પ્રોફેશનલ્સને આહ્‌વાન કર્યું હતું.

ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા ત્ઇન ની અમદાવાદ બ્રાન્ચમાં ૫૦૦૦ જેટલા ઇ સભ્યો છે. આ સંસ્થાની સ્વર્ણિમ જયંતિ પ્રસંગે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ અને ઈકોનોમિક ડીસીપ્લીન વિષયક ઇન્ના દાયિત્વની ભૂમિકાને મહત્વની ગણાવી હતી.

CA-ગુજરાતના ૫૦ વર્ષની શુભકામનાઓ પાઠવતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, દેશમાં કાળાં નાણાં અને ભ્રષ્ટાચારને રોકવાની ક્ષમતા ઇન્ની આ ઈન્સ્ટીટયુશન છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની તાકાત વાસ્તવમાં સાકાર થાય તો દેશની આર્થિક તાકાતમાં ખૂબ મોટું પરિવર્તન આવી શકે તેમ છે. વ્યકિત, વ્યવસ્થા, પદ્ધતિ હોય છે પરંતુ તેની કાયદા અને સંવિધાનની અધિકાર સાથે રાષ્ટ્રહિતની ભાવનાને સર્વોચ્ચ ગણીને ઇન્ની સંસ્થા નાણાંકીય વ્યવસ્થાપનમાં પારદર્શિતા લાવી શકે છે. આ રાષ્ટ્રહિતનું દાયિત્વ નિભાવવા તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને આહ્‌વાન કર્યું હતું. એક સમયે ઇન્ની સંખ્યા ઘણી જ મર્યાદિત હતી એનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના વિકાસની હરણફાળ જોતાં ૫૦ વર્ષમાં અત્યારે ૧૦,૦૦૦ની ઇન્ની સંખ્યા છે પરંતુ નજીકના વર્ષોમાં જ બીજા ૨૫,૦૦૦ ઉમેરાઈ જશે. અર્થવ્યવસ્થાપનમાં **CA** પ્રોફેશનલ મેનપાવરની જરૂરિયાત ઉત્તરોત્તર વધતી જ રહેવાની છે, તેમ તેમણે જણાવ્યું હતું. ગુજરાતનો વિકાસ નકારવાની જેમની માનસિકતા જ છે તેવા નકારાત્મક વાતાવરણ વચ્ચે પણ ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત એ ડંકાની ચોટ ઉપર પ્રસ્થાપિત થઈ ચુકયું છે. ગુજરાતની કુલ મળીને ૧૧ પંચવર્ષીય યોજનાઓનું કદ રૂપિયા બે લાખ ત્રીસ હજાર કરોડનું હતું. જયારે ૧૨ પંચવર્ષીય યોજનાનું કદ જ રૂપિયા બે લાખ એકાવન હજાર કરોડ છે. જેમને આ ફરક દેખાતો જ ન હોય તેમને શું સમજાવવું પડે? એવો વેધક સવાલ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો હતો.

ગુજરાતમાં દશ વર્ષમાં પ્લાન અને નોન-પ્લાન ખર્ચમાં કેટલો ગુણાત્મક સુધારો થયો તેની ભૂમિકા આપતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, અગાઉ ૨૦૦૧માં પ્લાન કરતાં નોન-પ્લાન ખર્ચ બમણો હતો. આજે ગુજરાતનો પ્લાન એક્સપેનડીચર ૬૫ ટકા છે અને નોન-પ્લાન માત્ર ૩૫ ટકા છે. ગુજરાત રેવન્યુ ડેફીશીટમાંથી રેવન્યુ સરપ્લસ સ્ટેટ બની ગયું છે.

આખા દેશમાં કૃષિ વિકાસનો ૪ ટકા દર નક્કી કરવા ૨૦ વર્ષથી મથામણ થાય છે પણ માંડ ૨.૫ ટકાએ પહોંચી શકાયું છે. જયારે દશ વર્ષમાં ૭ વર્ષ સરેરાશ દુષ્કાળના વિતવા છતાં ગુજરાતનો કૃષિ વિકાસ દર સતત ૧૧ ટકા રહ્યો છે. ગુજરાતમાં જ ૨૪×૭ વીજળી મળતી હોવા છતાં ગુજરાતના પાવર સેકટરની ખોટ કરતી પી.એસ.યુ. કંપનીઓનું પુર્નગઠન કરીને તેને આવક કરતી સર્વિસ સેકટરની કંપનીઓ તરીકે સક્ષમ બનાવી છે. દેશ અને દુનિયામાં આર્થિક મંદીનું વાતાવરણ ચિંતાપ્રેરક હતું ત્યારે ગુજરાતે ૨૦૦૯માં વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ કરીને મંદીને પડકારી અને કરોડો-કરોડોના મૂડીરોકાણ મેળવ્યા છે. ગુજરાત આ કરી શકે છે ત્યારે ૧૨૦ કરોડના ભારતમાં એવું સામર્થ્ય હોવું જોઈએ કે, આખી દુનિયાને બજાર બનાવે. ભારત મંદીના સમયમાં બજાર બની જશે તો દેશના અર્થતંત્રને બચાવી નહીં શકાય. આપણા દેશમાં આવી ક્ષમતા છે. આ તાકાતનો મહત્તમ ઉપયોગ કરીએ. દેશમાં ઝીરો મેન્યુફેકચરીંગ ડીફેક્ટ સાથેનું ઉત્પાદન "મેડ ઈન ઈન્ડીયા"ને ડંકાની ચોટ ઉપર દુનિયાના બજાર સર કરાવી શકશે, એમ તેમણે જણાવ્યું હતું.

વર્કીંગ વુમન હોસ્ટેલ યોજનાના અમલીકરણ માટે જિલ્લા વુમન વેલ્ફેર કમિટીની રચના

હોસ્ટેલ સંચાલન અંગેનું મોનીટરીંગ પણ આ જ કમિટિએ કરવાનું રહેશે

ગાંધીનગર, તા.૧

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વર્કીંગ વુમન હોસ્ટેલ યોજનાના અમલીકરણ માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષ પદે જિલ્લા વુમન વેલ્ફેર કમીટીની રચના કરવામાં આવી છે.

રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આદેશમાં રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરોના અધ્યક્ષપદે રચવામાં આવેલી વુમન વેલ્ફેર કમિટીમાં જિલ્લા પોલીસ વડા કાર્યપાલક ઈજનેર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અન એનજીઓમાંથી એક મહિલાનો આ કમિટીમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં વર્કીંગ વુમન હોસ્ટેલ માટે આ કમિટીએ હોસ્ટેલ માટે જરૂરી જમીનની સ્થળ પસંદગી કરીને ભલામણ કરવાની રહેશે. જિલ્લા સમિતિ દ્વારા કરાયેલી દરખાસ્તને મહિલા અને બાળ વિકાસ કમિશ્નરે મંજુર કરીને મહેસૂલ વિભાગને મોકલવાની રહેશે અને ત્યારબાદ કેન્દ્રની એમ્પાવર્ડ કમિટીને આ દરખાસ્ત સાથે ભલામણ કરવાની રહેશે.

આ ઉપરાંત જિલ્લા વુમન વેલ્ફેર કમિટિએ ગ્રાન્ટ ફાળવવા માટે કેન્દ્રના મહિલા બાળ વિકાસ વિભાગના સંયુકત સચિવને દરખાસ્ત કરવાનીરહેશે. વર્કીંગ વુમન હોસ્ટેલના અમલીકરણ અંગેનો ૬ માસિક પ્રગતિ અહેવાલ કેન્દ્ર સરકારને મોકલવાનો રહેશે.

રોજ બરોજના હોસ્ટેલ સંચાલન અંગેનું મોનીટરીંગ પણ આ જ કમિટિએ કરવાનું રહેશે અને આ અંગેનો પણ ૬ માસિક પ્રગતિ અહેવાલ મોકલવાનો રહેશે.

શબ્દ સરવાણી

દોહો

માનુષ જન્મ દુર્લભ હૈ, હોઈ ન વારંવાર
પાકા ફૂલ જો ગિરિ પડા, બહુરિન લાગેં ડાર

જોડકણું

વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર,
શૂરા બોલ્યા ના ફરે, ભલે પશ્ચિમ ઊગે સૂર

સુભાષિત

જો તારે માણવી હોય, મધુના સ્વાદની મજા,
તો તારે સહેવી પડશે માખીના ડંખની સજા

ચોપાઈ

પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ
પર પીડા સમ નહિ અધમાઈ
(બીજાનું હિત કરવા સમાન કોઈ ધર્મ નથી અને
બીજાને દુખ આપવું એના જેવો બીજો કોઈ અધર્મ નથી)

સોરઠો

પરઘેર પરોણો થાય, પોતે પરોણો લે
ધૂળ પડી જીવતરમાંય, સાચું સોરઠિયો ભણે

છપ્પો

સમજણમાં નથી રાગ વિરાગ, જયમ વાયુ હીંડે વિના પરાગ
લોક ચૌદ લગી વાપરે સમજણથી સઘળો અર્થ સરે
અખા રામ નથી ઘેર કે વને જ્યાં મળે ત્યાં પોતા કને

શ્લોક

ત્યજેદેકં કુલસ્યાર્થે ગ્રામસ્યાર્થે કુલં ત્જયેત
ગ્રામં જનપદસ્યાર્થે આત્માર્થે પૃથિવીં ત્યજેત
(કુટંબનું હિત થતું હોય તો એકાદ કુટંબીનો ત્યાગ કરવો પડે તો કરો, ગામના હિત માટે કુટુંબનો, દેશના હિત માટે ગામનો અને સ્વહિત માટે પૃથ્વીનો ત્યાગ કરવો પડે તો વાંધો નથી)

શીખ

સ્વર્ગલોકના સુખ માટે જેમ અમૃત ખાસ,
પૃથ્વી લોકના સુખ માટે તેમ અમૃત છાશ

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

દિકરી એ છે વ્હાલનો દરિયો

દિકરી એ છે વ્હાલનો દરિયો,
જે છલકાતો હેતજળ ભરિયો !
દિકરી બાપની આબરૂ પાઘડી,
એ છે આધાર ઘડપણ લાકડી !
દિકરી એ તો વ્હાલપની વેણું,
કાયમ એનાં અમી ઝરતાં નેણું !
દિકરી એ પવિત્ર તુલસી ક્યારો,
દુનિયામાં એનો પ્રેમ કંઈ ન્યારો !
દિકરી એ તો રૂડી લજ્જાની મૂર્તિ,
બા-બાપુનો કોડ એ હેતે પૂરતી !
દિકરી છલકાતી હેત ગાગર,
એ તો છે ભર્યો કરૂણાનો સાગર !
દિકરી એ નથી કૈં સાપનો ભારો,
દિકરી વિણ તો છે બાપ નોંધારો !
દિકરી કોઈને ન પડતી ભારે,
મહિયર, મોસાળ, સાસરી ઉજાળે !

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

કાંકરીયા કાર્નિવલ-૨૦૧૧ દરમિયાન દોરાયેલા લોંગેસ્ટ વોલ પેઈન્ટીંગને વર્લ્ડ રેકોર્ડ એનાયત

અમદાવાદ, તા.૧

કાંકરીયા કાર્નિવલ-૨૦૧૧ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અને ગુજરાત વિઝયુઅલ આર્ટિસ્ટ એસોસિએશનના સહયોગથી અમદાવાદની મુખ્ય દિવાલો પર ૧૦૪૪ ચિત્રો દોરાયા હતા જેને વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે.

અમદાવાદની મુખ્ય ત્રણ દિવાલો ઈશરો વોલ, કાંકરીયા કિડ્ઝ સીટી વોલ અને ટોપા સર્કલથી અંધજન મંડળની રોડની બંને બાજુની વોલ પર કુલ ૧૦૪૪ ચિત્રો ચિત્રકારો દ્વારા દોરાયા હતા. આ ચિત્રોની લંબાઈ ૪.૫ કિ.મી. થાય છે. આ લોંગેસ્ટ વોલ પેઈન્ટીંગને વર્લ્ડ અમેજીંગ રેકોર્ડસ અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા સંસ્થા દ્વારા તા. ૧૨મી મે ૨૦૧૨ના રોજ વર્લ્ડ રેકોર્ડ સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં ય ડાકલા વાગે છે... ભુવા ધુણે છે... ગજબ કહેવાય !

આપણે જેટલી શ્રધ્ધા ભુવાઓમાં રાખીએ એટલી જ શ્રધ્ધા ઈષ્ટ દેવમાં રાખીયે, તેની ભક્તિ-ઉપાસના કરીએ તો સંકટમાંથી ઉગરવાનો રસ્તો આપોઆપ મળી રહે

જન જાગરણ
- પોપટલાલ પ્રજાપતિ

કોઈ સાહિત્યકારે સાચું જ કહ્યું છે કે, શ્રધ્ધા વગર માનવી તરી ન શકે અને અંશ્રધધ્ધા વગર ડુબી ન શકે, દરેક વ્યક્તિને પોતાના ઈષ્ટદેવ કે આરાધ્ય દેવ હોય છે. જેનામાં તેને શ્રધ્ધા હોય છે. દુનિયાની આધિ, વ્યાધિથી પરેશાન માનવી ઈષ્ટદેવના શરણે જાય છે. જેનામાં તેને શ્રધ્ધા હોય. આ શ્રધ્ધાથી માનવીના સંકટો દૂર થાય છે કે કેમ એ તો તે પોતે જાણે પણ તેનું મન હળવું થાય છે જરૂર. પણ કેટલીક વાર શ્રધ્ધાનો અતિરેક અંધશ્રધ્ધાનું સ્વરૂપ લે છે છે. શ્રધ્ધામાં જયારે સ્વાર્થ કે લાલચ ભળે ત્યારે તે અંધશ્રધ્ધા બની જાય છે. અને સ્વાર્થ કે લાલચથી કોણ બચી શકે? અંધશ્રધ્ધા ને જ્ઞાન કે અજ્ઞાનતા સાથે કંઈ લેવાદેવા નથી માટે જ ગાંધીનગરના શિક્ષિતો પણ અંધશ્રધ્ધામાં અટવાય છે અને ગાંધીનગરમાંય રાત્રે ડાકલા વાગે છે અને ભુવા ધુણે છે. ગાંધીનગરમાંય બાધાઓ અપાય છે અને તંત્ર મંત્રની વિદ્યા થાય છે. અહિં પણ જાતરો થાય છે અને વેણ-વધાવા અપાય છે. અહિં પણ કોઈ સારા કામ માટે ભુવા પાસે દોઢ લેવાય છે. (દોઢ એટલે ભુવો બે વખત દાણા નાખે એક વખત એકી સંખ્યા એટલે કે વધાવો અને બીજી વખત બેકી સંખ્યા એટલે કે વેણ આવે તેને દોઢ કહેવાય) અહીં પણ દેવીપૂજકો રેડી કરી ડાકલા વગાડે છે અને તેના તાલે ગ્રેજ્યુએટ ભુવા ધુણે છે. ગાંધીનગરના ભુવા તો ધુણવા માટે અમેરિકા પણ જઈ આવ્યા છે. (અમેરિકામાં માતા અંગ્રેજીમાં બોલતા હશે કે ગુજરાતીમાં તે તો રામ જાણે) કેટલાક ભુવાને મળવા માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી પડે છે. ગાંધીનગર નજીકના એક ગામમાં ભુવાને મળવા માટે એક દિવસ અગાઉથી પડાવ નાખવો પડે છે. અને આ પડાવમાં ગાંધીનગરના શિક્ષિતો - આચાર્યો અને મામલતદાર કક્ષાના અધિકારીઓનો સમાવેશ થાય છે. વધુ નવાઈની વાત એ છે કે જાતરમાં ધુણવા માટે ભુવાઓને હવે તો ફી પણ ચુકવવી પડે છે આ રકમ રૂા. એક હજારથી માંડી પંદર હજાર સુધીની હોય છે. ધુણવાની ક્રિયાનો વિડિયો પણ ઉતારાય છે. આ લેખક ગ-૬ સર્કલ પાસેથી એક વાર પસાર થતા હતા.

રાત્રીના અગિયાર વાગ્યા હતા અને સર્કલના ખુણે સેકટરમાં ડાકલાનો અવાજ સંભળાયો. થોડીવાર માટે પગ થંભી ગયા. કોઈ ગ્રામ્ય વિસ્તારમાંથી તો પસાર થતો નથી? પણ ના... રોડ પર સોડિયમ લાઈટો ઝગારા મારતી હતી પણ સેકટરના એકાદ ખુણે માનવીઓના જીવનમાં અંધકાર હતો. અજ્ઞાનતાનો અંધકાર... થોડા આગળ જતાં હકીકત જાણવા મળી. અહિં માતાજીની જાતર હતી અને ડાકલાના તાલે એક ભુવો ઉછાળા મારી રહ્યો હતો. આજુબાજુના હજુરીયાઓ ખમ્મા મારી માડી... ખમ્મા તારા તેજને કહી ભુવા પાસે વેણ-વધાવા માગી રહ્યા હતા પણ દર વખતે ભુવો ખોટો પડતાં 'તમારા પેટમાં પાપ છે, માતાની મોટી આંટી છે. એમ જલ્દી ઉકલશે નહિં' કહી ભુવો ઉભો થઈ જાય છે અને બીજો ભુવો ધુણવા બેસે છે... બસ આ પ્રક્રિયા આખી રાત ચાલે. પ્રશ્ન એ છે કે જો ગમે તે વ્યક્તિનાં શરીરમાં આ રીતે માતા પ્રવેશ કરતી હોય તો સ્વામી રામકૃષ્ણ પરમહંસ મહાકાલીના પરમ ઉપાસક હતા અને દરેક સાધનાઓ તેમણે આત્મસાત કરેલી છતાં રામકૃષ્ણ પરમહંસના શરીરમાં મહાકાળી એ પ્રવેશ કર્યો હોય અને રામકૃષ્ણજી ધુણ્યા હોય એવો એક દાખલો ક્યાંક વાંચવા નહીં મળે. હનુમાનજીના મોટા ઉપાસક મોરારીબાપુ કરતાં મોટા કોણ હોઈ શકે? પણ મોરારી બાપુ કથા કરતાં કરતાં કેમ કદી ધુણતા નહિ હોય? મહર્ષિ અરવિંદ, માતાજી, રમણ મહર્ષિ, જગદગુરુ શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, આ બધા દિવ્ય પુરૂષો કેમ કદી ધુણ્યા નહિ હોય? ત્રણ દિવસે એક વાર સ્નાન કરનાર અને ઓફિસમાં બે નંબરની કમાણી કરનારના શરીરમાં માતાજી પ્રવેશ કરે? ખમ્મા મારી માડી... તું સરનામું શોધવામાં ભુલી પડી? ... દુઃખની વાત એ છે કે આંતરડાના કેન્સરનો એક દર્દી હૉસ્પિટલનાં બદલે ભુવામાં શ્રધ્ધા રાખી બેઠો અને દોરા-ધાગાની માયાજાળમાં પોતાનો જીવ ખોયો... ઉદાહરણ અનેક છે પણ આપણે તેની ચર્ચા નથી કરવી. આપણી ચર્ચા છે ગાંધીનગરના શિક્ષિત ભુવાઓની... ગ્રેજ્યુએટ ભુવાઓની. પાટનગરમાં પણ એમનાં કામણ ચાલે તે ગાંધીનગરની કમનસીબ નહિ તો બીજું શું? આપણે જેટલી શ્રધ્ધા ભુવાઓમાં રાખીયે એટલી જ શ્રધ્ધા ઈષ્ટ દેવમાં રાખીયે, તેની ભક્તિ-ઉપાસના કરીએ તો સંકટમાંથી ઉગરવાનો રસ્તો આપોઆપ મળી રહે. ઈશ્વર કે માતાજી ક્યારેય કોઈને દંડ દેતા નથી, એ તો કરૂણાનો સાગર છે. માતાજીની ભક્તિમાં કે નૈવેદ્યમાં અજાણતા ભૂલ થઈ જાય તો માતાજી તમને કનડે - હેરાન કરે તો બધી ભુવાઓએ ઉભી કરેલી માયાજાળ છે. તેમનાં મોહપાશમાં ન આવીયે તેમાં જ આપણું કલ્યાણ છે... બાકી તો ખમ્મા મારી માડી...